અપીલ અરજી નં.૨૮૭ તા.૧૫–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડી.સી.ભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય,ફુડ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી.ભટ્ટની ૧૬–૧૦–૧૦ ની અરજીથી (૧)નામ ગુજ.હાઈકોર્ટના ૮૯૭૭/૦૯ કેસ બાબતે તા.૨૫–૬–૧૦ ના રોજ ચૂકાદા બાદ સુરત મનપા ધ્વારા કેટલાક નોન બી.આઈ.એસ. પાણીના પ્લાન્ટોને સીલ કરવામાં આવ્યા? પીએફએ એકટ અન્વયે શું કાર્યવાહી કરી પીએફએ એકટ અન્વયે કાર્યવાહી થયેલ હોય તો કેસ કયા સ્ટેજ પર છે? તે કેસ નંબરો,આગામી ઠરાવ તારીખ જણાવવા વિનંતી વિગેરે મુદ્દા નં.૧થી૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૭/૨૦૧૦–૧૧

શ્રી ડી.સી.ભટ્ટની ૧૬–૧૦–૧૦ ની અરજીથી(૧) નામ ગુજ. હાઈકોર્ટના ૮૯૭૭/૦૯ કેસ બાબતે તા.૨૫–૬–૧૦ ના રોજ ચૂકાદા બાદ સુરત મનપા ધ્વારા કેટલાક નોન બી.આઈ.એસ. પાણીના પ્લાન્ટોને સીલ કરવામાં આવ્યા? પીએફએ એકટ અન્વયે શું કાર્યવાહી કરી પીએફએ એકટ અન્વયે કાર્યવાહી થયેલ હોય તો કેસ કયા સ્ટેજ પર છે? તે કેસ નંબરો, આગામી ઠરાવ તારીખ જણાવવા વિનંતી વિગેરે મુદ્દા નં.૧થી ૪ ની માહિતી આપવા બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૨૧ તા.૨–૧૦–૧૦ થી આપવામાં આવેલ જવાબના નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૭ તા.૨૪–૧૨–૧૦ થી થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય,ફુડ) તથા અરજદારને અપીલ અરજીમાં તા.૨–૧૧–૧૦ ના પત્ર પછી શી વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા વિશેષ મુદ્દા નં.૪ ની માહિતી ગેરમાર્ગે દોરનારી હોવાના તેમના દાવાના સમર્થનમાં કોઈ આધાર હોય તો તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૭૭૭ તા.૩–૧–૧૧ ના રોજ પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૭૧૫ તા.૧૩–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૫૨૧ તા.૪–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૦૯ તા.૧૮–૧૦–૧૦ થી અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ , જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૨૧ તા.૨–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ આ.નં.૩૬૩૭ તા.૧૮–૧–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોનનો તબદીલ પત્ર, મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તેમજ અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૧૦ તા.૧૦–૧૨–૧૦ ના પત્રની નકલ તથા તેના યુપીસી કર્યા અંગેની નકલ ,પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૨૬ તા.૧૮–૧–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૬–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની પાણીના પ્લાન્ટોની માહિતી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી આરોગ્ય અને હેલ્થને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૦૯ તા.૧૮–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોન અને લીંબાયતઝોન તથા આરોગ્ય અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૨૧ તા.૨–૧૧–૧૦ થી સમય મર્યાદમાં, જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય , ફુડ તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૭૧૫ તા.૧૩–૧૨–૧૦ થી અરજદારને દિન–૨૮ ના વિલંબથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૧૦ તા.૧૦–૧૨–૧૦ થી દિન–૨૫ ના વિલંબથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય મળેલ નથી તથા તા.૨–૧૧–૧૦ ના રોજ મળેલ નિર્ણયથી નારાજ

થઈ તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી રજૂ કરેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પ્રતિભાવથી તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના ઉડાઉ જવાબ અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડના મળેલા જવાબ ગેરમાર્ગે દોરતા હોવાનું જણાવી અપીલ અરજીમાં રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં.ર,૩ અને ૪ ની કોઈ માહિતી મળી નથી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે મુદ્દા નં(૧) નામ ગુજ. હાઈકોર્ટના ૮૯૭૭/૦૯ કેસ બાબતે તા.૨૫–૬–૧૦ ના રોજ ચૂકાદા બાદ સુરત મનપા ધ્વારા કેટલાક નોન બી.આઈ.એસ. પાણીના પ્લાન્ટોને સીલ કરવામાં આવ્યા? પીએફએ એકટ અન્વયે શું કાર્યવાહી કરી પીએફએ એકટ અન્વયે કાર્યવાહી થયેલ હોય તો કેસ કયા સ્ટેજ પર છે? તે કેસ નંબરો, આગામી ઠરાવ તારીખ જણાવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂર્વઝોન (વરાછા) ખાતે નોન બી.આઈ.એસ. પ્લાન્ટ પેકેજે ડ્રિંકિંગ વોટર સાંઈ માર્કેટીંગ વિવેકાનંદ ખાડી પુલની પાસે કરંજમાં આવેલ છે. જેનું તા.ર–૧૦–૧૦ ના રોજ વહેલી સવારે ચેકીંગ કરતાં પ્લાન્ટ ચાલુ માલુમ પડેલ જે પ્લાન્ટ બંધ કરાવવામાં આવેલ તે દરમ્યાન ૨૦ લીટરના કેરબા નંગ–૧૧૬ જપ્ત કરવામાં આવેલ. તેમજ પૂર્વઝોન (વરાછા) ના પુણા–સીમાડા ખાતે આવેલ નોન બી.આઈ.એસ. પ્લાન્ટ પેકેજેડ ડ્રિંકિંગ વોટર પ્લાન્ટને સીલ મારવામાં આવ્યા છે. (૧) " તપોવન બોટલીંગ " પ્લોટ નં. ૧૫૨, શીવદર્શન સોસા. સીમાડા–પુણા રોડ– સુરત. શ્રી જતીનભાઈ પોપટભાઈ સાવલીયા (૨) " નવરંગ વોટર " પ્લોટ નં.૨૪૩ –શ્યામ સોસા., શ્યામધામ ચોક, નાના વરાછા, સુરત. શ્રી પરેશભાઈ વલ્લભભાઈ હીરપરા (૩) " તાપી વોટર્સ " દુકાન નં.૧૬–૧૭, સંગના સોસા., શોપીંગ સેન્ટર –સીમાડા ગામ રોડ, સુરત. શ્રી વિરભાઈ કાંતિભાઈ પોલેરા આમ કુલ્લે ૩ (ત્રણ) સંસ્થાને આરોગ્ય સ્ટાફ તેમજ ફુડ ઈન્સ્પેકટર સાથે સંકલનમાં રહીને સીલ મારવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૫–૬–૧૦ ના ચૂકાદા બાદ સુમપા ધ્વારા તમામ ઝોનમાં સ્થળ તપાસ કરાવી નોન બી.આઈ.એસ. પ્લાન્ટ બંધ કરવા માટે અસરકારક કામગીરી કરવામાં આવેલ છે. આવા કોઈ પ્લાન્ટ પાણીનું ઉત્પાદન કરતાં જણાયા નથી. પરંતુ મશીનરી ગોઠવેલા બંધ જણાયેલા પ્લાન્ટ સીલ કરવામાં આવેલા અને આપેલી મુદતમાં બી.આઈ.એસ. સર્ટીફીકેટ રજૂ કરી જવાબ રજૂ કરવા પ્લાન્ટ ધારકોને જાણ કરવામાં આવેલી તથા સાંઈ માર્કેટીંગ–૩૦૧, વિવેકાનંદ સોસા. ખાડી પુલ પાસે વરાછા તરફથી મારવામાં આવેલ સીલ મહાનગરપાલિકાની પરવાનગી વગર તોડી પાડવામાં આવતા તેઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા એડવોકેટશ્રીને સૂચના અઆપવામાં આવેલી છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સદરહુ ચૂકાદા બાદ સુરત મનપાના આરોગ્ય વિભાગે બી.આઈ.એસ. સર્ટીફીકેશન વીઝીટ, ચકાસણી કરી છે? કયારે કરવામાં આવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂર્વઝોન (વરાછા) ના આરોગ્ય વિભાગ ધ્વારા બી.આઈ.એસ. સર્ટી ધરાવતી સંસ્થાઓની અવાર નવાર વીઝીટ કરવામાં આવે છે. તેવું જણાયેલ છે. પરંતુ "કયારે?" ની માહિતી આપેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી " ના " એવ જવાબ આપેલ છે. મુદ્દા નં.(૩) ઓમ એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં.૧૧ સાંઈકૃપા સોસા. મ્યે. પ્લોટ સામે આંજણા ફાર્મ સુરતનાઓ બી.આઈ.એસ સર્ટીફાઈડ પેકેજેડ ડ્રિંકિંગ વોટર પ્લાન્ટ ધરાવે છે તેમનો આઈ.એસ.આઈ. માર્ક નં.સીએમએલ/એલ ન.૭૯૬૨૭૦૩ છે તેમની ક્રિષ્ણા અને અમૃત જલ બ્રાંડ બી.આઈ.એસ. ધ્વારા મંજુર કરાયેલ છે શું મનપાના આરોગ્ય વિભાગે પ્લોટ નં.૧૧ ખાતે આવેલા પ્લાન્ટને ફુડ લાયસન્સ ફાળવેલ છે? તેની સર્ટી. નકલ આપશો. સદરહુ સોસ.ના પ્લોટ નં.૧૦,૧૨,૧૩ અને ૧૪ ખાતે પણ ઓમ એન્ટરપ્રાઈઝના ગેરકાયદેસર પાણીના વેચાણ , ઉત્પાદન તથા પ્રદર્શન કરતાં પ્લાન્ટો આવેલા છે અને ગત તા.૩૦–૯–૧૦ ના રોજ સુમનપા ના આરોગ્ય વિભાગ ધ્વારા ક્રિષ્ણા વોટરના ૨૦ લીટર પાણી ભરેલા જગ નંગ–૧૮૭ વેચાણ પ્રદર્શન દરમ્યાન જપ્ત કરાયેલ છે. ત્યારે મનપાના આરોગ્ય વિભાગે સદરહુ ગેરકાયદેસર ચાલતાં પાણીના પ્લાન્ટોને, નામ, ગુજ. હાઈ. ના ચૂકાદા અન્વયે સીલ કર્યા હોય તો તેની સંપૂર્ણ વિગતો પંચનામા સિઝ કરેલ ચીજ વસ્તુઓની યાદી પીએફએ અન્વયે કાર્યવાહી કરેલ હોય તો તેની વિગતો આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ઓમ એન્ટરપ્રાઈઝ પ્લોટ નં.૧૧ સાંઈકૃપા સોસા. આંજણા ફાર્મમાં ચાલતી બી.આઈ.એસ. ધારક વોટર પ્લાન્ટ આવેલ તેમજ તેઓનું ગોડાઉન આજુબાજુના પ્લોટમાં આવેલ છે પરંતુ આપની અરજીમાં જણાવેલ પાણી અંગેના લાયસન્સ વિગેરે બાબતો ફુડ વિભાગને સ્પર્શે છે તેથી આ બાબતે વધુ તપાસ અને કાર્યવાહી અર્થે આ કાગળો ફુડ વિભાગ પ્રતિ રવાના કરવામાં આવેલ છે. તમામ મુદ્દા નં.૧ થી ૪ લીંબાયતઝોન કક્ષાએ લાગુ પડતી બાબત નથી. ઝોન કક્ષાએ વોટર પ્લાન્ટ અંગે વધુ કોઈ દફતરી માહિતી ઉપલબ્ધ ન હોય લીંબાયતઝોન કક્ષાએથી માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ. જે બાબતે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૨૬ તા.૧૮–૧–૧૧ થી અરજદારને સદર વિષયવાળી અરજી અન્વયે લીંબાયતઝોન તરફથી તા.૧૦–૧–૧૧ ના રોજ સ્થળ તપાસ કરતાં ઓમ એન્ટરપ્રાઈઝ સાંઈકૃપા સોસા.માં આવેલ સંસ્થા તરફથી પ્લોટ નં.૧૦,૧૨ અને ૧૪ માં પાણીનું ફીલીંગ કરતાં જણાતા પ્લોટ નં.૧૦,૧૨ અને ૧૪ સક્ષમ સત્તાધિશશ્રીના મૌખિક આદેશ અનુસાર બંધ કરાવવામાં આવેલ છે. જયારે પ્લોટ નં.૧૩ માં પાણીનું કોઈ કારખાનું આવેલ નથી પરંતુ એમાં ટેક્ષટાઈલની સાડી રોલ પોલિસનું કામ ચાલે છે. જયારે મુદ્દા નં.૧,૨ અને ૪ અંગે ઝોન કચેરીએ કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી પ્લોટ નં.૧૧, સાંઈકૃપા સોસા. મ્યુ. પ્લોટ સામે આંજણા ફાર્મ, સુરત ખાતે આવેલ "ઓમ એન્ટરપ્રાઈઝ" નામની સંસ્થાને પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ પી.એફ.એ. /એસ.ઈ.ઝેડ/૦૨/૯૪ આપવામાં આવેલ છે. લાયસન્સ અરજદારે પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી. મહાનગરપાલિકાના ફુડ વિભાગ તરફથી શહેરની વિવિધ માર્કેટની મુલાકાત લઈ જાહેર માર્ગો પર ફરતાં પાણી લઈ જતાં ટેમ્પો અટકાવી સઘન તપાસ હાથ ધરવામાં આવેલી તે પૈકી તા.૨૭–૯–૧૦ તા.૨૮–૯–૧૦ તથા તા.૨૯–૯–૧૦ ના રોજ પાણી લઈ જતાં ટેમ્પો ચકાસતાં આ તમામ ટેમ્પાઓમાં બી.આઈ.એસ. ધરાવતી સંસ્થાઓના પાણીનું વહન કરતાં માલમ પડેલ છે. વધુમાં તપાસ દરમ્યાન બી.આઈ. એસ. ધરાવતી ક્રિષ્ણા પેકેજેડ ડ્રિકીંગ વોટર મસ્ત પેકેજેડ ડ્રિંકિંગ વોટર એકવા ફાઈન પેકેજડ ડ્રીકીંગ વોટર નામની

સંસ્થાના ટેમ્પામાં લુઝ ઠંડુ પાણી વહન થતું માલમ પડતા કુલ–૨૭૨ જાર કબ્જે લીધેલ છે તથા વાહન અટકાયતમાં લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરેલી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) બી.આઈ.એસ. સર્ટી માર્ક ધરાવનારા પેકેજડ ડ્રિંકિંગ વોટર પ્લાન્ટ ધારકો રજીસ્ટર્ડ પ્લાન્ટ સિવાયના અન્ય ગાળાઓ બી.આઈ.એસ. માં નોંધાવ્યા સિવાય પેકેજેડ ડ્રિંકિંગ વોટરના ઉત્પાદન ,વેચાણ માટે ઉપયોગમાં લેતાં હોય તે સંજોગોમાં તેઓ ગેરકાયદેસર પ્લાન્ટ ધરાવે છે તેમ કહેવાય કે નહીં? શું આવા વધારાના રજીસ્ટર્ડ પ્લાન્ટોના સુરત મનપાએ આરોગ્ય ખાતાના લાયસન્સ ધરાવે છે? તેની સર્ટી કોપી આપશોજી. આવા અન રજીસ્ટર્ડ પેકેજેડ ડ્રિંકિંગ વોટર પ્લાન્ટોને સીલ કરવામાં આવ્યા હોય , પીએફએ એકટ અન્વયે કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની વિગતો દર્શાવતી સર્ટીફાઈડ નકલની માંગણી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી વરાછાઝોનમાં ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આવા કોઈ પ્લાન્ટ માલુમ પડેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય–ફુડ તરફથી 'હા' તથા આવા અનરજીસ્ટર્ડ પ્લાન્ટોને આરોગ્ય ફુડ કક્ષાએથી પી.એફ. એ એકટ હેઠળ લાયસન્સ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને આપવામાં આવેલ મુદ્દા ન.૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં આરોગ્ય ફુડ તરફથી નિયત સમય મર્યાદા બાદ માહિતી આપેલ નથી જે બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય–ફુડ તરફથી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૭૧૫ તા.૩૦–૧૨–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલના કારણમાં વરાછાઝોન તરફથી યોગ્ય પ્રતિભાવ આપેલ નથી પરંતુ કયો પ્રતિભાવ આપેલ નથી તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી. જયારે લીંબાયતઝોનના ઉડાઉ પ્રતિભાવ બાબતે પણ તેઓની કોઈ વિગતો જણાવેલ નથી. જયારે અરજદારે મુદ્દા નં.૪ નો જવાબ ગેરમાર્ગે દોરનાર છે જે બાબતે અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૭ તા.૨૪–૧૨–૧૦ થી પાઠવેલ પરંતુ તે અંગે કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. અરજદારને અપીલ કારણના મુદ્દા નં.૨ માં મુદ્દા નં.૨,૩ અને ૪ ની કોઈ માહિતી મળેલ નથી જે બાબતે જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને તેવી માહિતી વરાછાઝોન, લીંબાયતઝોન અને આરોગ્ય ફુડ તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પુરી પાડેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી મુદ્દા નં.૨ અંગે અવાર નવાર વીઝીટ માત્ર જણાવી "કયારે?" ની માહિતી આપેલ ન હોઈ કયારે વીઝીટ કરી તેની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. અન્ય મુદ્દાઓ અંગેની અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકાર (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીબાંયતઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો )અને ઈ.ચા. આરોગ્ય અધિકારી (આરોગ્ય, ફુડ).....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી ડી.સી.ભટ્ટ,